## આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે બાગાયતી પાકોમાં નર્સરી વ્યવસ્થાપન વિષય ઉપર એક દિવસીય રાજ્ય કક્ષાના વર્કશોપનું આયોજન

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે બાગાયત મહાવિદ્યાલય, આકૃયુ., આણંદ અને બાગાયત ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા: ૦૭-૦૬-૨૦૨૨ના રોજ બાગાયતી પાકોમાં નર્સરી વ્યવસ્થાપન વિષય ઉપર એક દિવસીય રાજ્ય કક્ષાના વર્કશોપનું આયોજન આકૃયુના માન. કુલપતિશ્રી, ડો. કે. બી. કથીરીયાના પ્રમુખ સ્થાને કરવામાં આવેલ.

સદર વર્કશોપમાં, અતિથિ વિશેષ તરીકે ડૉ. પી. એમ. વઘાસિયા, બાગાયત નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર; ડો. એમ. કે. ઝાલા, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ; ડૉ. એચ. બી. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામક, આકૃયુ, આણંદ અને ડૉ. જે. એમ. તુવર, સંયુક્ત બાગાયત નિયામક, વડોદરા ઉપસ્થિત રહેલ.

આ વર્કશોપમાં આકૃયુના માન. કુલપતિશ્રી, ડો. કે. બી. કથીરીયાએ બાગાયત પાકોમાં નર્સરીની અગત્યતા તથા આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા નર્સરી ઉદ્યોગને વેગ આપવા માટે ચલાવવામાં આવતા અભ્યાસક્રમ તેમજ બાગાયતી પાકોમાં આકૃયુ દ્વારા કરવામાં આવેલ નવીનતમ સંશોધનો અંગે ઉપસ્થિત સર્વેને માહિતગાર કરેલ.

આ કાર્યક્રમ દરમિયાન વિવિધ તજજ્ઞો દ્વારા નર્સરીની જરૂરિયાત, બાગાયત કલમોના ધારા ધોરણો, કલમો માટે મૂળકાંડની અગત્યતા, નર્સરી એક્રેડિટેશન કરવાની પદ્ધતિ વગેરે જેવા વિષયો અંગે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવેલ.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. એન. આઇ. શાહ, આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ, બાગાયત મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ તેમજ ડૉ. સ્મિતા પિલ્લાઇ, નાયબ બાગાયત નિયામકશ્રી, બાગાયત ખાતું, આણંદ, ગુજરાત રાજ્ય દ્વારા આકૃયુના માન. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ, જેમાં ૪૫ નર્સરીકારો, બાગાયત ખાતું, ગુજરાત રાજ્યના ૬૦ અધિકારીઓ, યુ.જી અને પી.જીના ૮૮ વિદ્યાર્થીઓ તેમજ બાગાયત મહાવિદ્યાલય અને બાગાયત વિભાગના ૩૬ કર્મચારીશ્રીઓ એમ મળી કુલ ૨૨૯ જેટલા વ્યક્તિઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ.


AAU
રાજય કક્ષાનો વર્કશોપ
"બાગાયતી પાકોમાં નર્સરી વ્યવસ્થાપન"
તારીખ: ૦૭/૦૬/૨૦૨૨
સ્થળ: પ્રો. એ. સી. પંડ્યા ઓડીટોરીયમ, ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી અને બાયો એનર્જી કોલેજ, આ.કૃ.યુ., આણંદ
AAU




વર્કશોપ

